# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-08-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

❖ કોલકતામાં તબીબ સાથેના દુષ્કર્મ અને હત્યાની ઘટનાના વિરોધમાં દેશભરની સાથે રાજ્યમાં તબીબોની હડતાળ.. અમદાવાદમાં આજે કેન્ડલ માર્ચ યોજાશે..

❖ કેન્દ્રીય ગૃહમંત્રી આવતીકાલે અમદાવાદમાં 188 લોકોને ભારતીય નાગરિકતાપત્ર એનાયત કરશે.

❖ વૃક્ષારોપણની સાથે જળસંચયને પણ પ્રોત્સાહન આપવા નાણામંત્રી કનુ દેસાઈની લોકોને અપીલ

❖ રાજ્યમાં શરૂ થયેલા ડિજિટલ પાક સરવે અંતર્ગત ખેતીલાયક જમીનના આશરે એક કરોડથી વધુ સરવે પ્લોટને આવરી લેવાશે.

❖ રાજ્યભરમાં વરસાદનું જોર ઘટ્યું - આગામી પાંચ દિવસ ભારે વરસાદની શક્યતા નહીંવત્

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# DOCTORS STRIKE

પશ્ચિમ બંગાળના કોલકાતામાં મહિલા તબીબ સાથે થયેલા કથિત દુષ્કર્મ અને હત્યાના વિરોધમાં આજે દેશભરની સાથે સાથે રાજ્યભરમાં તબીબોએ હડતાળની જાહેરાત કરી છે.

અમદાવાદ મેડિકલ એસોસિએશન દ્વારા ગઈકાલે પત્રકાર પરિષદ યોજીને આ હડતાળની જાહેરાત કરવામાં આવી છે.. આજે સવારે 6 વાગ્યાથી લઇને આવતીકાલે સવારે 6 વાગ્યા સુધી ઓપીડી તેમ જ તમામ તબીબી પ્રક્રિયાથી તબીબો અડગા રહેશે.. જ્યારે અમદાવાદમાં સાતસો તબીબ રેલી યોજીને પોતાનો વિરોધ વ્યક્ત કરશે.

આ ઉપરાત અમદાવાદ મેડિકલ એસોસિએશનની કચેરીથી લઇને ઇન્કમટેક્સ સર્કલ સુધી સાંજે કેન્ડલ માર્ચ યોજાશે. કોલકાતાની ઘટનામાં દોષિતો સામે કડક કાર્યવાહી અને ન્યાય તેમ જ તબીબોની સલામતીની માગણી સાથે આ હડતાળ કરવામાં આવી રહી છે..

---------------------------------------------------------------------

-રીપીટ

# AHMEDABAD AMIT SHAH CAA CERTIFICATE

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે અમદાવાદમાં 188 લોકોને ભારતીય નાગરિકતા પત્ર એનાયત કરશે. અમદાવાદ ખાતે યોજાયેલા આ વિશેષ સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહેશે એમ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું.

શ્રી સંઘવીએ કહ્યું, જે લોકોએ પાડોશી દેશોમાં દમનના કારણે ભારતમાં આશ્રય મેળવ્યો છે. તેમને નાગરિકતા પ્રદાન કરાશે. આ પ્રમાણપત્રોનું વિતરણ નાગરિકતા સુધારા ખરડો એટલે કે, CAAના અમલીકરણની દિશામાં રાજ્યનું એક નિર્ણાયક પગલું સાબિત થશે.

---

-(PTC – GANDHINAGAR – PRAVESH.) -(NAVIN)

# VALSAD VAN MAHOTSAV

વલસાડમાં તાલુકાકક્ષાના 75મા વન મહોત્સવની ઉજવણી વાપી ખાતે કરવામાં આવી. આ પ્રસંગે ઉપસ્થિત નાણામંત્રી કનુ દેસાઈએ કહ્યું, કચ્છમાં હવે સારા પ્રમાણમાં વરસાદ થાય છે અને નર્મદાનું પાણી સરહદ સુધી પહોંચ્યું છે. આવા પરિવર્તનને અનુલક્ષીને આજે આપણે 75મો વન મહોત્સવ ઉજવી રહ્યા છીએ. વૃક્ષો અને પાણીની જરૂરિયાત ઘણી છે. વૃક્ષારોપણની સાથે સાથે જળસંચયને પણ પ્રોત્સાહન અને પ્રાધન્ય આપવું જોઈએ.

શ્રી દેસાઈએ ઉંમેર્યું, કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલે જળસંચયને પ્રોત્સાહન આપવા અનેકવિધ પગલા લીધા છે. આપણે વૃક્ષારોપણની સાથેસાથે વૃક્ષોનું જતન પણ સારી રીતે કરવું જોઈએ. દરમાયન શ્રી દેસાઈએ રોપા વિતરણની સારી કામગીરી બદલ વનવિભાગને શુભેચ્છા પાઠવી હતી.

વન મહોત્સવ દરમિયાન મહાનુભાવોના હસ્તે સામાજિક વનીકરણ વિભાગની વિવિધ યોજનાના લાભાર્થીઓને યોજના સહાયનું વિતરણ કરાયું હતું. તેમ જ પર્યાવરણક્ષેત્રે પ્રશંસનીય કામ કરનારા લોકોનું સન્માન કરાયું.

---

-(HINDUSTHAN SAMACHAR – PRAVESH.)
-(NAVIN)

# SURENDRANAGAR SAMPOORNTA ABHIYAN

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકામાં કેન્દ્રીય રાજ્યમંત્રી નીમુબેન બાંભણિયાની ઉપસ્થિતિમાં "સંપૂર્ણતા અભિયાન” અંતર્ગત કાર્યક્રમ યોજાઈ ગયો. આ પ્રસંગે શ્રીમતી બાંભણિયાએ કહ્યું, સાયલા તાલુકાના દરેક ગામ સુધી "સંપૂર્ણતા અભિયાન" અંગે જાગૃતિ આવે તે ખૂબ જરૂરી છે. આ તાલુકાને વિકાસના પંથે લઈ જવા આરોગ્ય ચકાસણી, ખેડૂતોને સૉઈલ હેલ્થ કાર્ડ, સગર્ભા માતાઓને પોષણયુક્ત આહાર કીટ આપવામાં આવી રહી છે.

દરમિયાન શ્રીમતિ બાંભણિયાએ સાયલાને 'આકાંક્ષી તાલુકા'નાં દાયરામાંથી બહાર લાવવા સૌને સહિયારા પ્રયાસો કરવા અનુરોધ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ભારત સરકારના નીતિ આયોગ દ્વારા "આકાંક્ષી તાલુકા કાર્યક્રમ" શરૂ કરાયો છે, જેમાં ગુજરાતના 10 જિલ્લાના 13 તાલુકા પૈકી સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

---------------------------------------------------------------------

-(PTC - SURENDRANGAR - PRAVESH)

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# GUJ. CROP SERVY

સમગ્ર રાજ્યમાં ગઈકાલથી શરૂ થયેલા ડિજિટલ પાક સરવેની કામગીરી આગામી 45 દિવસ સુધી ચાલશે. રાજ્યના તમામ જિલ્લામાં 18 હજાર 464 ગામના અંદાજિત એક કરોડ જેટલા સર્વે નંબરમાં પાક વાવેતરનો સર્વે કરાશે. તમામ ખેતીલાયક જમીનના આશરે એક કરોડથી વધુ સરવે પ્લોટને આ કામગીરીમાં આવરી લેવાશે.

રાજ્યમાં અગાઉ મહેસૂલ વિભાગ દ્વારા પાણીપત્રક નમૂના નંબર 12ની નોંધણી કરવામાં આવતી હતી, જે પૂરે-પૂરી થતી નહતી. ડિજિટલાઈઝ્ડ ક્રોપ સરવે થતાં હવે 100 ટકા પાણીપત્રક નમૂના નંબર 12માં નોંધણી થશે. પરિણામે નમૂના નંબર 12માં પાકની નોંધણી બાબતે ખેડૂતોને વધુ સુગમતા રહેશે.

---------------------------------------------------------------------

-રીપીટ

# WEATHER

રાજ્યભરમાં આગામી પાંચ દિવસ ભારે વરસાદની શક્યતા નહીંવત છે, તેમ હવામાન વિભાગે જણાવ્યું હતું. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં વરસાદની છ ટકા જેટલી ઘટ છે.

રાજ્યમાં ફરી એક વાર વરસાદનું જોર ઘટ્યું છે. સત્તાવાર આંકડા મુજબ, ગઈકાલે સવારે 6 વાગ્યાથી રાત્રે આઠ વાગ્યા દરમિયાન 73 તાલુકામાં વરસાદ સામાન્ય વરસાદ નોંધાયો હતો. આમાં સૌથી વધારે એક ઇંચ વરસાદ દેવભૂમિદ્વારકાના દ્વારકા તાલુકામાં વરસ્યો હતો.

છોટા ઉદેપુર જિલ્લામાં નસવાડી તાલુકાના ધારસીમેલ ગામમાં આવેલા ધોધને નિહાળવા દૂરદૂરથી પ્રવાસીઓ આ રહ્યા છે. 40 ફૂટ ઊંચાઈ પરથી પડી રહેલા ધોધના કારણે અહીં પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઊઠી છે.

---

**-(HINDUSTHAN SAMACHAR – SEOC – PRAVESH.)**

-(NAVIN)

# MAHISAGAR SOLAR

કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી સૂર્ય ઘર વીજળી યોજના અંતર્ગત મહીસાગર જિલ્લામાં 2 હજાર 474 વીજજોડાણ છે, જેના થકી ગ્રાહકોને 66 લાખથી વધુ રૂપિયાનો લાભ થયો છે આ યોજના અંતર્ગત લાભાર્થીઓ પોતના ઘર પર સોલાર પેનલ લગાવી વીજ બિલમાં બચત કરી રહ્યા છે. સાથે જ સબસિડી પણ મળતા લાભાર્થી કૃણાલ સોલંકી આ યોજનાને ઉત્તમ ગણાવી રહ્યા છે

## બાઇટ – કૃણાલ સોલંકી, લાભાર્થી

--------------------------------------------------------------------

- પીટીસી- મહિસાગર – હર્ષલ પંડ્યા

-(NAVIN)

# SURAT GAMES

સુરતની કામ્યા મલ્હોત્રાએ ટેકવેન્ડો રમતમાં 13 સુવર્ણ, પાંચ રજત અને બે કાંસ્ય સહિત 19 ચંદ્રકો જીતી ગુજરાતનું ગૌરવ વધાર્યું

સુરતમાં કોલેજના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતાં કામ્યા મલ્હોત્રાએ જુદી જુદી રાષ્ટ્રીય અને આતંરરાષ્ટ્રીય સ્પર્ધાઓ જેવી કે, ખેલ મહાકુંભ, ગુજરાત સ્ટેટ ચેમ્પિયનશિપ, નેશનલ સ્કૂલ ગેમ્સ, ઇન્ડિયન ટેકવાન્ડો ઓપન નેશનલ સહિતની અનેકવિધ સ્પર્ધાઓમાં ભાગ લઇ નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. કામ્યાના અન્ય ચાર ભાઈ બહેન પણ ટેકવાન્ડો સ્પર્ધામાં રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે રમી ચુક્યા છે. કામ્યાને ટેકવાન્ડો રમત માટે રાજ્ય સરકાર તરફથી પ્રતિ માસ રૂપિયા 4500ની સહાય પણ આપવામાં આવે છે. ટેકવાન્ડો એ એક પ્રકારની માર્શલ આર્ટ પદ્ધતિથી રમાતી રમત છે. જેનો સમાવેશ 2000થી ઓલમ્પિકમાં પણ થયેલો છે. તેમ એક અખબારી યાદીમાં જણાવાયું છે..

---

- અખબારી યાદી- સુરત- સરફરાઝ નાગોરી -(NAVIN)

# MORBI KANTIBHAI AMRUTIYA

મોરબી જિલ્લામાં રખડતા પશુઓની સમસ્યા અંગે ધારાસભ્ય કાંતિ અમૃતીયાએ નગરપાલિકાના વહીવટદાર અને મુખ્ય અધિકારી સાથે બેઠક યોજી હતી. જેમાં રસ્તા પર રખડતા ખાનગી માલિકના પશુઓ પકડાય તો દંડ અને ફરિયાદ કરવાનો નિર્ણય કરાયો છે.

## બાઈટ: કાંતિભાઈ અમૃતીયા (ધારાસભ્ય, મોરબી)

---------------------------------------------------------------------

-પીટીસી,

# DAHOD RAKHADI

દાહોદ જિલ્લામાં તમામ તાલુકાની આંગણવાડી બહેનોએ સૈનિકો માટે 3 હજાર 56 રાખડી મોકલાવી છે. આંગણવાડી કેન્દ્રોમાંથી કાર્યકરોએ કેન્દ્રદીઠ એક-એક રાખડી ગાંધીનગરની મહિલા અને બાળવિકાસ કમિશનર કચેરી ખાતે ટપાલ મારફતે મોકલી છે. હવે આ રાખડીને દેશની રક્ષા કરતા જવાનોને મોકલવામાં આવશે.

---------------------------------------------------------------------

-(PTC – DAHOD – PRAVESH) -(NAVIN)

# TRAIN CANCELLED

અમદાવાદના સાબરમતી રેલવે સ્ટેશન પર સમારકામના કારણે 20 ઑગસ્ટે કેટલીક ટ્રેનને અસર થશે એમ પશ્ચિમ રેલવે વિભાગે જણાવ્યું છે. 20 ઑગસ્ટે સાબરમતી-પાટણ-સાબરમતી ડેમુ ટ્રેન સંપૂર્ણપણે રદ રહેશે.

જ્યારે ગાંધીનગર કેપિટલથી દોડતી ગાંધીનગર કેપિટલ-મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસ નિર્ધારિત રૂટ ખોડિયાર-સાબરમતીને બદલે પરિવર્તિત માર્ગ વાયા ખોડિયાર-સાબરમતી થઈને ચાલશે. 19 ઑગસ્ટે યોગનગરી ઋષિકેશથી દોડતી યોગનગરી ઋષિકેશ-અમદાવાદ યોગા એક્સપ્રેસ નિર્ધારિત રૂટ ખોડિયાર-સાબરમતીને બદલે પરિવર્તિત માર્ગ વાયા ખોડિયાર-સાબરમતી અમદાવાદ થઈને ચાલશે. આ સમય દરમિયાન આ ટ્રેનને સાબરમતી ખાતે સ્ટોપેજ અપાયું છે.

---------------------------------------------------------------------

- (HINDUSTHAN SAMACHAR – PRAVESH.)

-(NAVIN)